# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 03-05-2025 Day: Saturday Morning : 6.50 to 6.55 am**

આકાશવાણી ભુજ સમાચાર **આશુતોષ અંતાણી** વાંચે છે.

---

## પ્રધાનમંત્રી-એંગોલા રાષ્ટ્રપતિ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આજે નવી દિલ્હી ખાતે અંગોલાના રાષ્ટ્રપતિ જુઆઓ મેન્યુઅલ ગોન્ઝાલવીસ લુએનસુ સાથે પ્રતિનિધિ સ્તરનો સંવાદ કરશે.બંન્ને દેશો વચ્ચે આ બેઠકમાં દ્વિપક્ષીય સહયોગ વધારવા અંગેની ચર્ચા દરમ્યાન કેટલીક સમજુતીઓ પર હસ્તાક્ષર થવાની સંભાવના છે. અંગોલાના રાષ્ટ્રપતિ ભારતની ત્રણ દિવસની મુલાકાત માટે ગઈકાલે ભારત આવ્યા હતા.

---------------------------------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી-આંધ્રપ્રદેશ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ આંધ્રપ્રદેશની રાજધાની અમરાવતીના બાંધકામની કામગીરી ફરી શરૂ કરવા માટેનો શિલાન્યાસ કર્યો અને 58,000 કરોડ રૂપિયાની અન્ય માર્ગ અને રેલવે પરિયોજનાઓનું ઉદ્ઘાટન કર્યું. આ પ્રસંગે એક જાહેર સભાને સંબોધતા પ્રધાનમંત્રીએ જણાવ્યું હતું કે, આ પરિયોજનાઓ આંધ્રપ્રદેશની આકાંક્ષાઓ અને વિકસિત ભારતની આશાઓ માટે મજબૂત પાયો રચે છે.

---------------------------------------------------------------------------------------------------

## પ્રધાનમંત્રી-કેરળ:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઈકાલે કેરળમાં વિઝિંજમ આંતરાષ્ટ્રીય બંદર રાષ્ટ્રને સમર્પિત કર્યું હતું. આ બંદરને નવા યુગના વિકાસનું પ્રતિક ગણાવતા શ્રી મોદીએ જણાવ્યુ કે

માળખાગત સુવિધાઓનું નિર્માણ થાય,વેપારનું વિસ્તરણ થાય અને સામાન્ય લોકોની મુળભુત જરૂરીયાતો પુરી થાય ત્યારે સાચો વિકાસ પ્રાપ્ત થાય છે.

---

## મુખ્યમંત્રી-વડોદરા:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે દેશની આઝાદીની શતાબ્દી સુધીના કર્તવ્યકાળમાં ગુજરાતને સર્વાંગી વિકાસમાં અગ્રેસર બનાવવાની નેમ વ્યક્ત કરી છે. વડોદરામાં એક હજાર 156 કરોડના 86 વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ અને ખાતમુહૂર્ત પ્રસંગે, શ્રી પટેલે જણાવ્યું કે સરકારે વર્ષ 2025થી 2035ના દાયકાને ઉત્કર્ષ ગુજરાત હીરક જયંતી મહોત્સવ તરીકે ઉજવવાનો રોડ મેપ તૈયાર કર્યો છે. તેમણે જણાવ્યું કે સી-295 એરક્રાફ્ટ ઉત્પાદનથી વડોદરા શહેર વિશ્વના વિમાન ઉત્પાદન ક્ષેત્રે વૈશ્વિક નકશા ઉપર અંકિત થયું છે.

---

## મુખ્યમંત્રી-ધોલેરા:

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ધોલેરા SIRના વિકાસના કામોની પ્રગતિની સ્થળ પર સમીક્ષા કરી. તેમણે મુખ્ય સચિવ અને મુખ્ય સલાહકાર સહિતના વરિષ્ઠ સચિવો સાથે ધોલેરાના વિવિધ પ્રોજેક્ટસની માહિતી મેળવી હતી.

ઉલ્લેખનીય છે કે અમદાવાદ-ધોલેરા એક્સપ્રેસ-વેની 95 ટકા કામગીરી પૂર્ણ થઈ ગઈ છે. જ્યારે ભીમનાથ-ધોલેરા ફ્રેઈટ રેલવેલાઈન સહિત હોસ્પિટલ-સ્કૂલ-ફાયર સ્ટેશન-આવાસીય સુવિધાના કામો પ્રગતિમાં છે.

---

## રાજ્ય-એરંડા ઉત્પાદન :

એરંડાના વાવેતર વિસ્તાર, ઉત્પાદન અને ઉત્પાદકતામાં ફરી એકવાર ગુજરાત સમગ્ર વિશ્વમાં પ્રથમ ક્રમે રહ્યું છે. વર્ષ 2024-25 દરમિયાન કુલ 6 લાખ 46 હજાર હેક્ટર વિસ્તારમાં

એરંડાના વાવેતર સાથે ગુજરાતે સતત ચાર દાયકાથી દેશમાં પ્રથમ રહેવાના અનુક્રમને આ વર્ષે પણ જાળવી રાખ્યો છે.

---

## રાજ્ય-હવામાન:

રાજયમાં આજથી 8 મે સુધી પવન સાથે કમોસમી વરસાદની આગાહી છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર આ દિવસો દરમિયાન મહત્તમ તાપમાનમાં ઘટાડો નોંધાશે. આજે કચ્છ, બનાસકાંઠા અને સાબરકાંઠામાં છૂટાછવાયા વરસાદની શક્યતા છે.

છેલ્લા 24 કલાક દરમિયાન રાજકોટમાં મહતમ તાપમાન 44 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું. જ્યારે અમદાવાદ તેમજ ગાંધીનગરમાં 43 ડિગ્રી સેલ્સિયસ તાપમાન નોંધાયું હતું.

---

## કચ્છ-માદક:

કચ્છની દરિયાઈ સીમામાંથી માદક પદાર્થના 10 પેકેટ મળી આવ્યા છે. અમારા પ્રતિનિધિ કોઠારા પોલીસ સ્ટેશનના ખુઅડા ગામના દરિયાકિનારા પરથી કુટ પેટ્રોલીંગ દરમિયાન બિનવારસુ શંકાસ્પદ માદક પદાર્થનો આ જથ્થો મળ્યો છે. પોલીસે પેકેટ કબ્જે કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

---

## કચ્છ જિલ્લા આરોગ્ય કામગીરી સમિક્ષા:

જિલ્લામાં આરોગ્ય વિષયક સેવાઓને વધુ સુદૃઢ બનાવવા  જિલ્લા આરોગ્ય વિભાગ દ્વારા અમલી વિવિધ કામગીરીની સમીક્ષા સમિતિની બેઠક યોજવામાં આવી હતી. જિલ્લા વિકાસ અધિકારીનાં અધ્યક્ષસ્થાને યોજાયેલી આ બેઠકમાં  ન્યુટ્રીશન, રસીકરણ, શાળા આરોગ્ય તપાસણી, બિન સંક્રામક રોગોનો અટકાવ, ટી.બી. નિર્મૂલન તેમજ કુટુંબ કલ્યાણ કામગીરી, માતા અને બાળ આરોગ્ય વિષયક કામગીરીમાં ટેક્નોલોજીના ઉપયોગ આધારિત બાબતો પર જિલ્લા વિકાસ અધિકારીએ  માર્ગદર્શન આપ્યું હતું.

---

## ક્રિકેટ-આઈ.પી.એલ-2025:

ગુજરાત ટાઇટન્સ ટીમે સન રાઈઝાર હૈદરાબાદને 38 રન થી હરાવી પોઇન્ટ ટેબલમાં 14 પોઇન્ટ સાથે બીજોંક્રમ મેળવ્યો છે. અમદાવાદનાં નરેન્દ્ર મોદી સ્ટેડિયમ પરની મેચમાં ગુજરાત ની ટીમે 6 વિકેટે 224 રન કર્યા હતા સુકાની શુભમન ગીલે સહુ થી વધુ 76 રન કર્યાં હતાં. જવાબમાં હૈદરાબાદની ટીમ 6 વિકેટે 186 રન કરી શકી હતી, જેમાં અભિષેક શર્માએ સૌથી વધુ 74 રન કર્યા હતા. આજે રોયલ ચેલેન્જર્સ બેંગલુરૂ અને ચેન્નઈ સુપર કિંગ્સ ઈલેવન વચ્ચે સાંજે સાડા સાત વાગ્યે બેંગલુરૂ ખાતે મેચ રમાશે.

---